| | | |
|---|---|---|
| वर्ष : १९ | सने : २०२१ | सं.२०७७ |
| अंक : २, | સળંગ અંક-१११ | भादों-सप्टेम्बर |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૯ સને ૨૦૨૧ સં.૨૦૭૭

અંક : ૨ ભાદરવો સપ્ટેમ્બર સળંગ અંક-૧૧૧

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978

**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ લોક પ્રકાશના ભાવો, લોકભોગ્ય ભાષામાં...

★ પત્ર પ્રેરણા, ૧-૨-૩-૪-૫

★ ઉપધાનતપ.....


## આર્ષવાણી

**પૃથિવ્યાં ત્રિણિ રત્નાનિ,**

**જલમન્નં સુભાષિતમ્ ।**

**મૂઢૈ: પાષાણખણ્ડેષુ,**

**રત્નસંજ્ઞાભિધિયતે ।।**

પૃથ્વી પર ત્રણ રત્નો છે: ૧. પાણી ૨. અનાજ અને ૩. સુભાષિત. બાકી તો પથ્થરના ટુકડાને રત્નની ઉપમા - સંજ્ઞા મૂર્ખ માનવોએ આપી છે !

શમ - સંવેગ - નિર્વેદ - અનુકંપા અને આસ્તિક્યથી ઓળખાતું સમ્યગ્દર્શન અને જ્ઞાનસમૂહ : એ જ સાચી શાંતિ છે.



# ★ લોક પ્રકાશના ભાવો, લોકભોગ્ય ભાષામાં... ★★★

- સંકલન : પૂ.આ.ભ. શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

**નંદીશ્વરદ્વીપ :**

જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપ, વારુણીવરદ્વીપ, ક્ષીરવરદ્વીપ, ઘૃતવરદ્વીપ, ક્ષોદવરદ્વીપ: આ સાત દ્વીપ ગયા બાદ આઠમો નંદીશ્વરદ્વીપ આવે છે.

આનંદ અને કલ્યાણકારી, સમૃદ્ધિવડે ચઢિયાતો હોવાથી આ દ્વીપનું નંદીશ્વર એવું નામ સાર્થક છે. આ દ્વીપનું આધિપત્ય કૈલાસ અને હરિવાહન નામના સમૃદ્ધ દેવો કરે છે.

આ નંદીશ્વરદ્વીપમાં, મધુર ઈક્ષુરસ સમાન સ્વાદિષ્ટ અને પૂર્ણ વિકસિત થયેલાં કમળોમાંથી ઝરતા મકરંદથી સુગંધી થયેલા પાણીવાળી વાવડીઓ આદિ જળાશયોમાં તથા ખીલેલાં પુષ્પો અને ફળોથી અત્યંત સુંદર શોભતા સર્વરત્નમય ઉત્પાત પર્વતો ઉપર વ્યંતર દેવીઓ સાથે વ્યંતરદેવો બેસે છે, રહે છે, આરામ કરે છે, ઈચ્છામુજબ ક્રીડા કરે છે : આ રીતે પૂર્વકૃત પુણ્ય ભોગવે છે.

આ દ્વીપનો વલયવિસ્તાર ૧,૬૩,૮૪,૦૦,૦૦૦ યોજન છે.

આ દ્વીપના લગભગ મધ્યભાગમાં જાતિમાન અંજનરત્નમય ચાર અંજનગિરિ પર્વતો શોભે છે. પૂર્વદિશામાં દેવરમણ નામથી, દક્ષિણદિશામાં નિત્યોદ્યોત નામથી, પશ્ચિમ દિશામાં સ્વયંપ્રભ નામથી અને ઉત્તરદિશામાં રમણિયક નામથી તે અંજનગિરિ પર્વતો ઓળખાય છે. પોતપોતાના નામ પ્રમાણે આ ગિરિઓ ઉજ્વળતા ફેલાવે છે. સ્ફૂરાયમાન ક્રાંતિવાળા અને તેજસ્વી છે.

**અંજનગિરિનું સ્વરૂપ :** સ્વચ્છ ગોપુચ્છ (ગાયના પૂંછડા) ના આકારમાં રહેલા, રજ અને મલથી રહિત, ગગન જેવાં ઊંચાં શિખરોને ધારણ કરનારા તેજસ્વી એવા આ પર્વતો પૃથ્વીથી ૮૪,૦૦૦ યોજન ઊંચા છે. પૃથ્વીની અંદર તેનો અવગાઢ (પાયો) ૧૦૦૦ યોજન છે. પૃથ્વીની સપાટી પર ૧૦,૦૦૦ યોજન અને શિખર પર ૧૦૦૦ યોજનનો વિસ્તાર છે.

**મતાંતર :** આ અંજનગિરિ પર્વતોં પૃથ્વી પર ૯૪૦૦ યોજન પહોળા અને શિખરના ભાગે (ઉપર) ૧૦૦૦ યોજના પહોળા છે. ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં નીચે ૧૦,૦૦૦ યોજનનો જ વિસ્તાર બતાવ્યો છે. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ - સંગ્રહણીમાં નીચેનો ભાગ ૯૪૦૦ યોજન પહોળો બતાવ્યો છે. તત્ત્વ કેવલી જાણે.

આ દરેક અંજનપર્વતોની ચારે બાજુ એક-એક લાખ યોજન દૂર ચાર પુષ્કરિણી વાવડીઓ છે. તે વાવડીઓ ૧-૧ લાખ યોજન લાંબી - પહોળી છે ને ૧૦ યોજન ઊંડી છે. માછલાં વગેરે જળચરજીવો રહિત સ્વચ્છ પાણીના ઊછળતા કલ્લોલવાળી રમણીય આ વાવડીઓ છે.

જીવાભિગમની ટીકામાં અને પ્રવચન સારોદ્ધારની ટીકામાં આ વાવડીઓની ઊંડાઈ ૧૦ યોજનની કહી છે. જ્યારે શ્રીનંદીશ્વર સ્તોત્ર અને નંદીશ્વરકલ્પમાં ૧૦૦૦ યોજનની ઊંડાઈ બતાવી છે.

ઠાણાંગસૂત્રમાં આ વાવડીઓની લંબાઈ એક લાખ યોજન, પહોળાઈ પચાસ હજાર યોજન અને ઊંડાઈ ૧૦૦૦ યોજન ગણાવી છે. ઠાણાંગના મતે લંબચોરસ, બાકીના ગ્રંથોના મતે ચોરસ છે.

તેની ચારે દિશામાં મનોહર ત્રણ - ત્રણ સોપાન (પગથિયાં)ની પંક્તિ છે. વળી, રત્નના રમ્ય તોરણોથી આ વાવડીઓ મનોહર દેખાય છે

દેવાંગનાઓ વાવડીનાં સોપાન ઊતરે, તે વખતે તેના ઝાંઝરના અવાજથી જાગૃત થયેલા હંસોના મધુર ધ્વનિથી જાણે આનંદની વીણા વાગતી હોય તેવું જણાય છે !

શ્રી અરિહંત પરમાત્માની પૂજા કરવાના ઉદ્દેશથી દેવાંગનાઓ આ વાવડીઓમાં સ્નાન કરવા ઊતરે ત્યારે તેઓના સ્તન પર લગાવેલા કસ્તૂરી અને ચંદનના દ્રવ (વિલેપન) પીગળે-પાણીમાં જાય ત્યારે પાણીમાં ચિત્રકામ કર્યું હોય તેવું જણાય છે ! વાવડીઓની શોભામાં વિશેષ વધારો થાય છે.

દેવરમણ નામના પૂર્વ દિશાના અંજનપર્વતની પૂર્વાદિ ચાર દિશામાં અનુક્રમે નંદિષેણા, અમોઘા, ગોસ્તૂપા અને સુદર્શના નામની વાવડીઓ છે.

નિત્યોદ્યોત નામના દક્ષિણ દિશાના અંજનપર્વતની પૂર્વાદિ ચાર દિશામાં અનુક્રમે નંદોત્તરા, નંદા, સુનંદા અને નંદિવર્ધના નામની ચાર વાવડીઓ છે.

સ્વયંપ્રભ નામના પશ્ચિમ દિશાના અંજન પર્વતની પૂર્વાદિ ચારે દિશામાં અનુક્રમે ભદ્રા, વિશાલા, કુમુદા અને પુંડરીકિણી નામની વાવડીઓ છે.

રમણીય નામના ઉત્તર દિશાના અંજનપર્વતની પૂર્વાદિ ચારે દિશામાં વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા નામની ચાર વાવડીઓ છે.

**મતાંતરઃ**વાવડીઓનાં નામનો ક્રમ ઉપર જણાવ્યો છે, તે નંદીશ્વર સ્તવ અને નંદીશ્વર કલ્પના આધારે છે. ઠાણાંગ અને જીવાભિગમ પ્રમાણે હવે જણાવાય છે.

પૂર્વ દિશાના અંજનગિરિની ચારે દિશામાં ૧. નંદોત્તરા ૨. નંદા ૩. આનંદા અને ૪. નંદિવર્ધના.



દક્ષિણ દિશાના અંજનગિરિની ચારે દિશામાં ૧. ભદ્રા ૨. વિશાલા ૩. કુમુદા અને પુંડરીકિણી.

પશ્ચિમ દિશાના અંજનગિરિની ચારે દિશામાં ૧. નંદિષેણા ૨. અમોઘા ૩. ગોસ્તૂપા અને ૪ સુદર્શના.

ઉત્તર દિશાના અંજનગિરિની વાવડીઓનો ક્રમ સરખો જ છે.

દરેક વાવડીઓથી ચારે દિશામાં ૫૦૦-૫૦૦ યોજન ગયા બાદ એક-એક વન છે. તેનાં નામ અને દિશા બતાવે છે.

પૂર્વદિશામાં અશોકવન, દક્ષિણદિશામાં સપ્તપર્ણવન, પશ્ચિમ દિશામાં ચંપકવન અને ઉત્તર દિશામાં આમ્રવન છે.

તમામ વનોનો વિસ્તાર ૧-૧ લાખ યોજનનો છે. પહોળાઈ ૫૦૦-૫૦૦ યોજન છે. તેની શોભા અદ્ભુત છે. ત્યાંનાં વૃક્ષો મનોહર, મહાસ્કંધ (થડ) વાળાં, અતિઊંચાં અને સુંદર છાયાવાળાં છે. વનની શોભામાં વૃદ્ધિ કરે છે. જેમ ઉત્તમપુરુષો કુળને શોભાવે, તેમ આ  વૃક્ષો વનને શોભાવે છે. જેમ ધનિકનાં ઘરોમાં ચોરો પ્રવેશી શકતા નથી, તેમ આ વનોનાં ગાઢ-ઘેરી છાયાવાળા અને પર્વતરૂપી ભીંતોવાળા વનનિકુંજોમાં સૂર્યનાં કિરણો પ્રવેશી શકતાં નથી.

આ સોળ વાવડીઓના મધ્યભાગમાં, સુંદર સ્ફટિકરત્નથી નિર્મિત એક એક દધિમુખ પર્વત છે. દધિ એટલે દહીં અને મુખ એટલે શિખર, આ પર્વતોનાં શિખરો દહીં જેવા ઉજ્વળ છે. પર્વતનાં મનોરમ શિખરો રજતનાં છે.

આ દધિમુખ પર્વતો ધાન્યના પ્યાલા જેવા, ચારે બાજુ સરખા, ઉપર નીચે ૧૦-૧૦ હજાર યોજનના વિસ્તારવાળા છે. ઊંચાઈ ૬૪૦૦૦ યોજનની છે. ૧૦૦૦ યોજન જમીનમાં અવગાહીને રહેલા છે.

સમયવાયાંગ સૂત્રમાં કહેલ છે કે બધા જ દધિમુખપર્વતો પ્યાલાના સંસ્થાનવાળા - ચારે બાજુ સમાન છે. પહોળાઈ અને ઊંચાઈમાં ૬૪૦૦૦ યોજન છે.

ગાઢ મેઘ જેવી શ્યામ કાંતિવાળા ચાર અંજન પર્વતો અને સોળ દધિમુખ પર્વતોની ઉપર એક એક દેદીપ્યમાન જિનાયતન છે, જેની સંખ્યા ૨૦ થાય છે. આ વાત ઠાણાંગાદિ આગમોમાં કહી છે.

જીવાભિગમની ટીકા આદિ કેટલાક ગ્રંથોમાં, ચાર વાવડીઓનાં આંતરાંમાં બે - બે રતિકર પર્વત કહેલા છે. આ મતે સોળ વાવડીના આંતરામાં બે - બે રતિકર પર્વત હોવાથી કુલ ૩૨ રતિકર પર્વતો થાય, આ પર્વતો પદ્મરાગમણિ (લાલમણિ)ની

કાંતિવાળા અને એક સરખા જ છે. ઠાણાંગસૂત્રમાં આ પર્વતોને સુવર્ણના જણાવ્યા છે (સુવર્ણ જેવી કાંતિવાળા).

આ તમામ પર્વતો ઉપર; પવનથી લહેરાતી ધ્વજાથી શોભતું, શાશ્વત પ્રતિમાયુક્ત એક - એક ચૈત્ય (જિનાલય) છે.

ચાર દધિમુખ પર્વત પર ચાર, એક અંજનગિરિ પર એક અને આઠ રતિકર પર્વત પર આઠ જિનાલય હોવાથી એક દિશામાં તેર જિનાલયો થાય. ચારે દિશાના મળીને બાવન જિનાલય થાય.

ઠાણાંગની વૃત્તિમાં જણાવ્યું છે કે - મચકુંદનું ફૂલ, નિર્મળ શંખ અને ચંદ્ર જેવા ઉજ્વળ દધિમુખ પર્વતો સોળ છે. તેનાથી થોડે દૂર સુવર્ણવર્ણવાળા ૩૨ રતિકર પર્વતો છે. બાવન જિનમંદિરો મણિ-રત્નના સહસ્રકૂટોથી શોભે છે. આ જિનાલયો ૧૦૦ યોજન લાંબાં, પચાસ યોજન પહોળાં અને ૭૨ યોજન ઊંચાં છે.

**જિનાલયોની રમણીયતા :**

પાષાણની ઘડેલી પુતળીઓમાં એવો ઘાટ ઉતાર્યો છે, એવી કારીગરી કરી છે કે - જાણે હાવ - ભાવાદિ અભિનયને જોવાની ઈચ્છાથી થંભી ગયેલી દિવ્યાંગના જોઈ લો ! ચિત્રોમાં (પટમાં) કોતરેલા હાથી, ઘોડા, દેવ, દાનવ, માનવ આદિ એવા છે કે જાણે જિનાલય જોવા માટે ત્રણે ભુવનના જીવો ભેગા થયા છે ! સ્પષ્ટ એવા અષ્ટ મંગળથી વિશિષ્ટ જણાતા આ જિનાલયો; સેવા કરનાર ભવ્યાત્માઓની કોટિ કોટિ મંગલ શ્રેણિને વિસ્તારે છે. કવિ ઉત્પ્રેક્ષા કરતાં જણાવે છે કે - જિનાલયનાં શિખર પર લહેરાતી ધજાઓ પોતાને ઉત્તુંગ (ઊંચું) સ્થાન પ્રાપ્ત થવાથી પ્રીતિવડે નૃત્ય કરતી હોય તેમ એ ધજાઓઃ ઊછળતી ભક્તિવાળા જીવોને બોલાવી રહી છે.

સિંહ બેઠો હોય તેવા આકારવાળા, સુવિશાળ અને નિર્મળ તેજવાળા આ જિનપ્રાસાદો જાણે ભવ્યાત્માઓનાં પાપોરૂપી ગજઘટા (હાથીનાં ટોળાંને મારવાની ઈચ્છાવાળા, હોય તેમ પ્રતીત થાય છે.

શાસ્ત્રમાં જણાવ્યું છે કે - દરેક અંજનગિરિ ઉપર સિંહનિષદ્યાના આકારવાળા ઉત્તુંગ અરિહંત પરમાત્માનાં જિનાલયો છે.

સુશોભિત કાંતિવાળાં આ જિનાલયોનાં ચાર - ચાર દ્વાર; ચાર ગતિના પરિભ્રમણ અને દુઃખથી ત્રાસ પામેલા જીવોના રક્ષણ માટે ઊંચા કિલ્લા જેવાં શોભે છે !

તે જિનાલયોમાં પૂર્વ દિશાનું દ્વાર દેવ નામનું છે. તેના અધિષ્ઠાક પણ દેવ



નામના દેવ છે. દક્ષિણદિશામાં અસુર દ્વાર ગણાય છે, તેના અધિષ્ઠાયક અસુર નામના દેવ છે. પશ્ચિમ દિશાના દ્વારનું નામ નાગ છે, તેના રક્ષક (અધિષ્ઠાયક) નાગ નામના દેવ છે. ઉત્તરદિશામાં રહેલા દ્વારનું નામ સુવર્ણદ્વાર છે, તેના રક્ષક સુવર્ણદેવ છે. આ તમામ દ્વાર (દરવાજા) સોળ યોજન ઊંચાં અને આઠ યોજન પહોળાં છે. પ્રવેશનો ભાગ પણ આઠ યોજનનો છે. દરેક દ્વારની આગળ એક - એક મુખમંડપ છે, તે ચૈત્યના મુખ્ય દરવાજાને વિષે પટ્ટશાળા સમાન જણાય છે.

મુખમંડપની આગળ વળી પ્રેક્ષામંડપ છે, જેની શોભા નિરાળી છે. પ્રેક્ષા = જોવું, જોનારને બેસવાના ગૃહતુલ્ય આ પ્રેક્ષામંડપ છે.

આ મુખમંડપ અને પ્રેક્ષામંડપ-બંને ૧૦૦-૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૧૬ યોજન ઊંચા છે. ત્રણ ત્રણ દ્વારથી મનોહર છે.

જીવાભિગમની ટીકામાં મુખમંડપના ત્રણદિશાના ત્રણ દરવાજા કહ્યા છે, જ્યારે જીવાભિગમના સૂત્રાદર્શમાં ચારે દિશામાં ચાર દ્વાર કહ્યાં છે - આવું જોવા મળે છે.

પ્રેક્ષા મંડપની મધ્યમાં વજરત્નથી નિર્મિત એક - એક અક્ષાટક છે. તેની મધ્યમાં એક મણિપીઠિકા છે. આ મણિપીઠિકા ૮ યોજન લાંબી - પહોળી અને ૪ યોજન ઊંચી હોય છે. તેના ઉપર ઈન્દ્ર મહારાજને યોગ્ય સિંહાસન હોય છે. જ્યારે આ સિંહાસન ઉપર વિજય નામનું વસ્ત્ર અત્યંત નિર્મળ અને વસ્ત્રોમાં ઉત્તમ રત્ન તુલ્ય ચંદરવા તરીકે હોય છે.

આ વિજય - વસ્ત્રમાં મોતીની માળાઓ લટકાવવા માટે વજનો અંકુશ હોય છે. કુંભ પ્રમાણ મોટાં મોટાં મોતીથી બનેલી માળા લટકે છે. આ માળા વચમાં છે. તેની આજુ-બાજુ અડધા કુંભ પ્રમાણ મોતીઓથી બનેલી માળા ચારે દિશામાં લટકે છે.

ઠાણાંગસૂત્રમાં પણ જણાવ્યું છે કે - વજમય અંકુશો ઉપર કુંભપ્રમાણ મોતીની ચાર માળાઓ લટકે છે. તે માળાઓની ચારે બાજુ અડધી ઊંચાઈવાળી, અડધા પ્રમાણવાળી મોતીની માળાઓ રહેલી છે.

એની ટીકામાં પણ લખ્યું છે કે - મોતીઓની માળામાં રહેલાં મોતીઓનાં પરિમાણ (માપ) માં કુંભનું માપ થાય છે. આવી માળાઓને કુંભિકામાળા કહેવાય છે. આમાં જે કુંભ શબ્દ છે, તે કુંભનું માપ જણાવે છે.

| | |
|---|---|
| ૨ અસતી = ૧ પસલી | ૪ આઢવ = ૧ દ્રોણ |
| ૨ પસલી = ૧ સેતિકા (ખોબો) | ૬૦ આઢવ = ૧ જઘન્યકુંભ |
| ૪ સેતિકા = ૧ કુલક | ૮૦ આઢવ = ૧ મધ્યમકુંભ |
| ૪ કુલક = ૧ પ્રસ્થ | ૧૦૦ આઢવ = ૧ ઉત્કૃષ્ટ કુંભ |
| ૪ પ્રસ્થ = ૧ આઢવ | |

કુંભ કરતાં અડધા પ્રમાણનાં મોતીની માળાને અર્ધકુંભિકા કહેવાય છે.

પ્રેક્ષામંડપની વચ્ચે જેમ એક - એક મણિપીઠિકા કહી તેમ તે પ્રેક્ષામંડપોની આગળ પણ એક-એક મણિપીઠિકાઓ હોય છે. તે મણિપીઠિકા પણ સોળ - સોળ યોજન લાંબી - પહોળી (ચોરસ) અને ૮ યોજન ઊંચી છે. તેના ઉપર ચૈત્ય - સ્તૂપ છે. તેની લંબાઈ - પહોળાઈ ૧૬-૧૬ યોજન અને ઊંચાઈ સોળ યોજનથી કાંઈક વધારે છે. આ સ્તૂપની ચારે તરફ વળી પાછી ચાર મણિપીઠિકાઓ છે. તે ૮ - ૮ યોજન લાંબી પહોળી અને ૪ યોજન ઊંચી છે. આ વાત જીવાભિગમની વૃત્તિમાં જણાવી છે.

મણિપીઠિકા ઉપર રહેલ સ્તૂપની સન્મુખ અરિહંત પરમાત્માની દેદીપ્યમાન પ્રતિમાઓ વિજય પામે છે, શોભે છે.

ચૈત્યસ્તૂપની આગળ એક મણિપીઠિકા શોભે છે. તેની લંબાઈ પહોળાઈ સ્તૂપની પીઠિકા સમાન છે. આ પીઠિકાની ઉપર ચૈત્યવૃક્ષ વિરાજે છે. વિજયદેવની રાજધાનીમાં કહેલ ચૈત્યવૃક્ષ જેવું જ આ ચૈત્યવૃક્ષ છે.

વળી, આ ચૈત્યવૃક્ષની આગળ બીજી એક મણિપીઠિકા રહેલી છે. તે ૮-૮ યોજન લાંબી - પહોળી અને ૪ યોજન ઊંચી છે. તેના પર મહેન્દ્રધ્વજ ઉજ્વળ વર્ણનો રહેલો છે. આ મહેન્દ્રધ્વજ ૬૦ યોજન ઊંચો છે. તેનો વિસ્તાર એક યોજનનો છે. જમીનમાં ઊંડો પણ ૧ યોજન છે.

મહેન્દ્રધ્વજની આગળ નંદા નામની વાવડી છે. તે ૧૦૦ યોજન લાંબી, ૫૦ યોજન પહોળી અને ૧૦ યોજન ઊંડી છે.

આ વાવડીનું પાણી; મકરંદ ઝરતાં કમળોના કારણે સુવાસિત બનેલું હોય છે. (અહીં આ વાવડી ૭૩ યોજન ઊંડી છે; તેમ જણાવ્યું છે પરંતુ આગળના જ શ્લોકમાં ૧૦ યોજનની ઊંડાઈ બતાવ્યા પછી તરતના જ (બીજા જ) શ્લોકમાં ૭૨ યોજન કેમ કહ્યું; તે વિચારણીય છે.)

વાવડીની પૂવ - દક્ષિણ - પશ્ચિમ અને ઉત્તર દિશામાં અશોક - સપ્તપર્ણ, ચંપક અને આમ્રવન છે.



જિનાલયના ચાર દરવાજા છે, તે ચારે દરવાજે છ - છ વસ્તુઓ છે. ૧-૨ મુખમંડપ - પ્રેક્ષામંડપ (એમ બે મંડપો) ૩. સ્તૂપ ૪. ચૈત્યવૃક્ષ ૫. મહાધ્વજ અને ૬. ચાર વનયુક્ત વાવડી.

આનો મતલબ એ થયો કે - દરેક જિનાલયના પરિવાર - શોભારૂપ ચાર મુખમંડપ, આકાશને આંબતા - ઊંચા શિખરયુક્ત ચાર રંગ મંડપો, ચાર સ્તૂપ, ચાર ચૈત્યવૃક્ષ, ચાર મહેન્દ્રધ્વજ, ચાર વાવડી અને સોળ વનો છે. વિશાળમંદિરની મધ્યમાં એક મણિપીઠિકા છે, જે લાંબી - પહોળી ૧૬ યોજન અને ઊંચી ૮ યોજન છે. મણિપીઠિકાની ઉપર એક દેવછંદક હોય છે. તે પણ ૧૬ યોજન લાંબો - પહોળો અને ૧૬ યોજનથી અધિક ઊંચો છે.

દેવછંદકની ચારે દિશામાં રત્નના સિંહાસન ઉપર શ્રીઅરિહંત -પરમાત્માની ૨૭ - ૨૭ શાશ્વત પ્રતિમા બિરાજમાન છે. ચારે દિશામાં મળી ૧૦૮ પ્રતિમા થાય છે. આ ઉપરાંત દ્વારમાં ૧૬ પ્રતિમા હોય છે. તેથી બધી થઈ કુલ ૧૨૪ પ્રતિમા થાય. આ તમામ શાશ્વતી પ્રતિમાઓ; શ્રીઋષભદેવ, શ્રીચન્દ્રાનનસ્વામી, શ્રીવારિષેણસ્વામી અને શ્રીવર્ધમાનસ્વામીઃ એ ચાર નામની પદ્માસન અવસ્થામાં હોય છે.

શ્રીજિનેશ્વરદેવોની પ્રતિમાની આગળ બે - બે નાગ પ્રતિમાઓ છે. તેની આગળ આજ્ઞાને ધારણ કરનાર બે - બે યક્ષ અને ભૂતની પ્રતિમા છે. તે પ્રતિમા વિનયપૂર્વક હાથની અંજલિ જોડીને કાંઈક નમેલા મસ્તકવાળી, ભક્તિથી સેવા કરતી હોય તેવી છે. સેવક રૂપે આ પ્રતિમાઓ છે.

બંને પડખે ચામરને ધારણ કરનારની પ્રતિમા છે, જ્યારે પાછળની બાજુ એક છત્રધરની પ્રતિમા છે.

શ્રીઆવશ્યકચૂર્ણિમાં કહ્યું છે કે - શ્રી જિનપ્રતિમાની આગળ બે - બે નાગપ્રતિમા, બે - બે યક્ષપ્રતિમા, બે - બે ભૂતપ્રતિમાઓ, બે - બે કુંડધર (સેવક) પ્રતિમાઓ છે વગેરે...

સેવક પ્રતિમાઓ; માળાઓ, ધૂપ ઘટિકાઓ, અષ્ટમંગળ, ધ્વજાઓ, સોળ કુંભો, ઘંટાઓ, તોરણો, ભૃંગાર (કળશો), દર્પણો, સુપ્રતિષ્ઠક (મોટા થાળ), ચંગેરી (ફૂલની છાલ), છત્રો, પાટલા વગેરેથી અલંકૃત હોય છે.

ત્યાંની માટી અને રેતી સુવર્ણવર્ણથી યુક્ત હોવાના કારણે મૂર્તિમંત શોભાના અંશો હોય તેવી દેદીપ્યમાન લાગે છે.

છ અઠ્ઠાઈઓમાં, કલ્યાણક ઉજવ્યા પછી ઈન્દ્રો - દેવો અહીં અઠ્ઠાઈ મહોત્સવ ઉજવે છે. ધ

# ★ પત્ર પ્રેરણા ★★★

(૧) બેંગલોર, ૨૦૭૭, ચૈત્ર સુદ ૧૩

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી **સુશ્રાવક ચન્દ્રકાંતભાઈ** યોગ્ય ધર્મલાભ.

દેવ-ગુરુ પસાયે સુખશાતા છે. તબિયતમાં પહેલાં કરતાં સુધારો હશે ? શરીરના ચિત્ર - વિચિત્ર સ્વભાવને ઓળખવાની જરૂર છે. શરીરનો સ્વભાવ જ એવો છે કે - વારંવાર વાંકું થઈને બેસે. જ્ઞાની ભગવંતોએ એને ઓળખાવવા માટે ઘણા ગ્રંથો - શ્લોકો બનાવ્યા. અશુચિભાવનામાં પણ શરીરને ઓળખાવવા પ્રયત્ન કર્યો છે. અનિત્યભાવનામાંય શરીરાદિની અનિત્યતાનો પરિચય કરાવ્યો છે. સામાન્યથી જીવને સૌથી વધુ રાગ પોતાના શરીરનો હોય છે. એ રાગના યોગે જીવ ઘણાં ઘણાં પાપોના પનારે પડે છે. સર્વ પાપોનું મૂળકારણ પણ શરીર છે, એમ કહીએ તો ખોટું નથી. કારણ, ઈન્દ્રિયો અને મન પણ એની સાથે જ જોડાયેલાં હોય છે. વચનથી થતાં પાપો કે મનથી થતાં પાપો પણ શરીરથી સંલગ્ન છે. 'પેટ કરાવે વેઠ' જેવી કહેવતોય આ શરીરની જ મુખ્યતા સૂચિત કરે છે. જીવોના કે પુદ્‌ગલોના સંબંધોય શરીરની જ સાપેક્ષ છે. આ કાયા જ માન - અપમાનમાંય મોટો ભાગ ભજવે છે. જીવની ઘણી ખુંવારી આ કાયાએ જ કરી - કરાવી છે.

શરીરમાં જ્યારે એક સાથે ૧૬ - ૧૬ રોગોએ ઘેરો ઘાલ્યો, આક્રમણ કર્યું... ત્યારે સનત્કુમાર ચક્રવર્તી સમજી ગયા. શરીરથી હું છેતરાયો છું. તેવો ખ્યાલ આવી ગયો. તેમણે વિચાર્યું કે હવે દ્રવ્યરોગને નથી કાઢવો. દ્રવ્યરોગના કારણભૂત ભાવરોગને જ નાબૂદ કરી નાખવો છે. શરીર તો રોગોનું ઘર છે. મને અત્યારે ચેતવણી મળી ગઈ છે. રોગને દૂર કરનારા રાજવૈદ્યો તૈયાર હતા. ગમે તે ભોગે રોગોને દૂર કરાવવા માટે ૬૪૦૦૦ રાણીઓ, મંત્રીઓ, પ્રધાનો...પૂરો પરિવાર તૈયાર હતો, પરંતુ ચક્રવર્તીએ તો એ પરિવારની છ-છ મહિનાની વિનંતિ તરફ કાન પણ ધર્યા. પાછું વળીને ન જોયું. રોગો સાથે જ ચારિત્રનું શરણ સ્વીકારી લીધું. એ પણ કોઈ સેવા કરવાર કે સહાયક બનવાની અપેક્ષા વગર. સોળ - સોળ રાજરોગો સાથે ૭૦૦ - ૭૦૦ વર્ષ સંયમ સાધના કરી. અરે ! પોતાને લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હોવા છતાં, તેનો ઉપયોગ કરી રોગની પીડામાંથી મુક્ત થવાનો પ્રયત્ન ન કર્યો. બસ, હવે તો કર્મની કાયમી પીડામાંથી જ સદંતર મુક્તિ મેળવવા માટે જ મન - વચન - કાયાના યોગોને કામે લગાડી દીધા છે. સંકલ્પબળ



સાથે સંયમની સાધના હોય પછી પરિણામ કેમ ન મળે ? મળે જ.

આવા આવા મહાપુરુષો - સત્ત્વથી યુક્ત પૂર્વપુરુષોને યાદ કરવાથી આપણને હિંમત મળે છે. નિ:સત્ત્વ બનેલો આપણો આત્માય સત્ત્વશાળી બને છે. આપણી પામરતા ખંખેરાઈ જાય છે. માનસિક - શારીરિક નબળાઈઓ દૂર થઈ જાય છે. શરીરના, રોગના, પીડાના વિચારો ગાયબ થઈ જાય છે. તેનાથી હિંમતનો આપણામાં સંચાર થાય છે. એ હિંમતને ટકાવવા અને વધારવામાં જિનવચનો અને ગુરુવચનો (શાસ્ત્ર વચનો) પ્રાણ પૂરે છે. હિંમતને વધુ ને વધુ ધબકતી રાખે છે. મનોબળને વેગ મળે છે.

સાધનામાં બાધક શરીરનો રાગ છે. સાધનામાં બળ પેદા કરનારો આત્માનો રાગ છે. પાપ કરાવનારો કાયાનો રાગ છે. ધર્મ કરાવનારો આત્મગુણોનો રાગ છે. દેહના મમત્વભાવને દૂર કર્યા વગર ધર્મનો, સાધનાનો આનંદ ન જ લૂંટી શકાય. એ માટે હંમેશા દેહ અને આત્મા જુદા છે, એનો વિચાર સતત કરવાનો છે. ભાવનાનું આ સાતત્ય જ જીવને ભગવાનની નજીક લઈ જઈ શકે છે.

માનવને જ નહીં, જીવ માત્રને શરીરનો રાગ હોય છે. દેવને તો સુંદર શરીર મળવાથી રાગ થાય, એ તો સામાન્ય ઘટના છે. પરંતુ કરોડો રોગોથી નિવાસ કરાતી, દૂધપાકાદિ સુંદર ચીજનેય ગંદી બનાવવાની ફેક્ટરી જેવી માનવ કે તિર્યંચની કાયા પણ રાગ અને મમત્વ કરાવનારી બને ત્યારે આશ્ચર્ય લાગે છે. સામાન્ય તાવ આવે કે માથું દુઃખે તોય જીવ ડગી અને ડરી જાય છે. અનેક નબળા વિચારો દુર્ધ્યાનની ગર્તામાં ધકેલી દે છે.

જેવા વિચારો રોગ - બીમારી માટે આવે છે. એવા વિચારો જો પાપ અને પાપના ભવિષ્યનાં પરિણામો માટે આવે તો જીવનમાંથી પાપનો કચરો ઘણો - ઘણો દૂર થઈ જાય.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરની અમૃતવેલની સજ્ઝાયમાં રહેલી એ પંક્તિને વારંવાર રટવા જેવી છે. 'દેહ - મન - વચન - પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે... અક્ષય અનંત છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે... ચેતન જ્ઞાન અજુવાળીએ....

આપણા પૂર્વ પુરુષોએ ધર્મભાવના માટે વિટામિન અને ટોનિક સ્વરૂપ ઘણી - ઘણી સજ્ઝાયો, કૃતિઓ, ગ્રંથો - શ્લોકો, પદો વગેરેની લ્હાણી કરી છે. પ્રભાવના કરી છે. વ્યાખ્યાનાદિમાં થતી પ્રભાવના - લ્હાણી નહીં છોડનારા આપણે ખરેખર

તો આવી લ્હાણી - પ્રભાવના માટે લાલાયિત - ઉત્કંઠિત અને તલ-પાપડ બનવાનું છે. આવી લ્હાણી - પ્રભાવનાનો મહત્તમ ઉપયોગ કરી કલ્યાણના માર્ગને સરળ બનાવીએ; એ જ મંગલ કામના.

**દ. વિજયભવ્યદર્શનસૂરિના ધર્મલાભ....**

(૨) બેંગ્લોર, અત્તિબેલે, શ્રીપાર્શ્વ - સુશીલધામ, સં.૨૦૭૭, અષાઢ સુ.૫+૬

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી **સુશ્રાવક ચન્દ્રકાંતભાઈ** યોગ્ય ધર્મલાભ.

દેવ - ગુરુ કૃપાથી અત્રે સૌ શાતામાં છે.

તમારી તબિયતના સમાચાર અવાર - નવાર લેતો હોઉં છું. બીમારી આ વખતે લાંબી ચાલી, બીમારીનો સમય પણ સાધક આત્મા માટે તો પાપની નિર્જરા માટે અને પુણ્યોપાર્જન માટે જ થતો હોય. મારા પૂ.ગુરુદેવે માંદગીમાંય કેવો પુરુષાર્થ કર્યો ? સાધક જીવ માટે તો માંદગી અભિશાપરૂપ નહીં, આશીર્વાદરૂપ બનતી હોય છે. પુણ્ય અને પાપના ઉપાર્જન માટે આપણી પાસે ત્રણ સાધન છે, ૧. મન ૨. વચન અને ૩. કાયા. જ્ઞાની ભગવંતો જણાવે છે કે - ત્રણે સાધન જ્યાં સુધી સક્ષમ છે ત્યાં સુધી ત્રણેથી આરાધના - સાધના કરવાની છે. કાયા જ્યારે થાકી જાય, રોગાદિથી અશક્ત બની જાય, આપણા કહ્યામાં કે વશમાં ન હોય ત્યારે વચન અને મનથી કામ લેવાનું. કાયાથી કાંઈ થતું નથી વગેરે વિચારો પણ આર્તધ્યાનમાં આવે છે. મળેલી જે તે શક્તિને કામે લગાડવાની છે. જે શક્તિ ન મળે કે મળેલી શક્તિ બીમારી વગેરે કારણે છીનવાઈ જાય... તો તેની ચિંતા છોડી બચેલી શક્તિઓને કાર્યાન્વિત કરવાની છે. જે છે તેનો સદુપયોગ કરવાનો છે. વચન પણ થાકી જાય ત્યારે મનથી તમામ આરાધના કરવાની છે. મન તો અંતિમ અવસ્થામાંય, કાયા અને વચન થાક્યા પછી પણ સક્ષમ હોય છે. એ ક્યારેય થાકતું નથી. મોટા-મોટા મહાપુરુષોએ છેલ્લે અનશન વગેરે સ્વીકાર્યું ત્યારે કાયા અને વચનનો તો વ્યાપાર પોતે જ બંધ કર્યો... પરંતુ મનથી એવું ધ્યાન કર્યું.. એવી સાધના કરી કે સદ્ગતિ - કેવળજ્ઞાનાદિ તેના બળે જ પ્રાપ્ત કર્યા.

કાયા કરતાં અને વચન કરતાંય મનથી અપેક્ષાએ વિપુલ નિર્જરા સાધી શકાય છે. વળી, કાયા અને વચનથી થતા વ્યાપાર (ક્રિયા) માં પણ જો મન ન જોડાય તો ઝાઝી કમાણી થઈ શકતી નથી. મનનું જોડાણ જે પણ આરાધનામાં થાય તે આરાધના - સાધનાનો 'પાવર' લાખો - કરોડો ગણો વધી જાય છે. તે જ



રીતે વચન-કાયાની સક્રિયતા ન રહે ત્યારે મનોયોગનો વ્યાપાર પણ ધાર્યું પરિણામ આપી શકે છે.

હાલમાં તમારી કાયાની શક્તિ કમજોર થઈ છે.વચનનો વ્યાપાર પણ મંદ પડી ગયો છે... ત્યારે મનને સતત આરાધના - સાધના - ધ્યાનમાં જોડાયેલું રાખવાનું છે. મનથી અનિત્ય - અશરણ - સંસાર - એકત્વ - અન્યત્વ - અશુચિત્વ - આશ્રવ - સંવર - નિર્જરાદિ બાર ભાવના અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં રમતા રહેવાનું.. ભાવનાઓનું બળ તો કેવળજ્ઞાન સુધી પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. ભાવના વગર કોઈ જ આત્મા કેવળજ્ઞાન પામી શકતો નથી. ભાવનાઓને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે રસાયણની ઉપમા આપી છે. આત્માનો કાયાકલ્પ કરવા માટે ભાવના નામનું રસાયણ ઉત્તમ 'ટોનિક' પુરવાર થયેલ છે. નવાં કર્મોથી બચાવવાનું અને જૂનાં કર્મોની મોટા પ્રમાણમાં નિર્જરા કરાવવાનું સામર્થ્ય આ ભાવના રસાયણમાં ધરબાયેલું છે.

ભરત ચક્રવર્તી અરિસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા તે ભાવનાના બળનું જ પરિણામ હતું. ઈલાયચી કુમાર; નટડીના મોહમાં - દોરડા ઉપર નાચતાં કેવળજ્ઞાન પામ્યા તે પણ ભાવનાના સહારે જ. મરુદેવા માતા અન્યત્વાદિ ભાવનાના સામર્થ્યથી જ હાથીની અંબાડી પર કેવળજ્ઞાન ને સિદ્ધિ પ્રાપ્ત કરનાર બન્યાં. પૃથ્વીચંદ્ર - ગુણસાગરને નિહાળો તોય ભાવનાઓને કારણે જ રાજસિંહાસન પર અને લગ્નની ચોરીમાં કેવળજ્ઞાનને વર્યા છે.

ભાવનાઓનાં માધ્યમથી થતો વિચાર પણ ધ્યાનનું અંગ છે. ભાવનાઓના સહારે ધ્યાનમાં પ્રવેશ કરવાનું કાર્ય સરળ બની જાય છે... તેથી શાસ્ત્રોમાં મૈત્ર્યાદિ અને અનિત્યાદિ ભાવનાઓનાં ધ્યાનની વાત લખી છે. ભાવના અને ધ્યાનની પ્રક્રિયા તો પથારીમાંય થઈ શકે છે. માટે જ તો મરણ સમાધિ પયન્ના વગેરેમાં જણાવ્યું છે કે મુનિ ઘાસના સંથારામાંય વિપુલ નિર્જરાનો લાભ ઉઠાવે છે. અને આનંદ માણી શકે છે, એ કાર્ય ચક્રવર્તી છ ખંડના સામ્રાજ્યમાં ય નથી કરી શકતો!

ભગવાને ઘણું - ઘણું આપ્યું છે. ગણધરાદિ જ્ઞાની ભગવંતોએ મહામહેનતે આપણા સુધી એને પહોંચાડ્યું છે. આપણે તો માત્ર તૈયાર ભાણે જમવાનું જ કાર્ય કરવાનું છે. એમાં જો પ્રમાદ કરીશું તો આપણો નંબર મૂર્ખમાં ગણાશે.

રોગ-બીમારીની અવસ્થાને નિર્જરાનું સાધન બનાવવા માટે ભૂતકાળમાં થયેલા મહાપુરુષો, એમનું સિંહસત્ત્વ, એમની સમતા - સમાધિ અને પ્રસન્નતાને

યાદ કરશો. તે યાદ આવતાં તેમને સલામ કરવાની ભાવના જાગ્રત થવા સાથે આપણામાં પણ સત્ત્વ પ્રગટ થશે. આપણી પામરતા ખંખેરાઈ જશે. આપણી માનસિકસ્થિતિ મજબૂત બની જશે. નકારાત્મક વલણમાંથી સકારાત્મક વલણ ઊભું થશે.

આવી સ્થિતિના સર્જક બની, વિપુલ નિર્જરા સાધવા પૂર્વક મોક્ષના માર્ગે આગેકૂચ કરો, એવી મંગલ કામના.

પરિવારને ધર્મલાભ જણાવશો.

**દ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ..**

**(૩) આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ, સા. શ્રી હર્ષનંદિતાશ્રીજી, પદ્મનંદિતાશ્રીજી આદિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક જસવંતભાઈ, ગુણવંતભાઈ, અભિષેક, નયનાબેન આદિ યોગ્ય ધર્મલાભ, દેવ - ગુરુપસાયે સુખશાતા છે.

ગઈકાલે સુશ્રાવક મનહરભાઈ કોરોનાની બીમારીના કારણે સ્વર્ગે સીધાવ્યાના સમાચાર મળ્યા. કોરોનાએ ઘણાંનાં ઘર ભાંગ્યાં. ઘણાનાં છત્ર છિનવી લીધાં.. ઘણાને નિરાધાર બનાવ્યા છે. ચારે બાજુ હાહાકાર મચાવ્યો. હજી કેટલાને ભરખી જશે, ખબર નથી.

ઘરની નાની - મોટી કોઈપણ વ્યક્તિ જાય એટલે દુઃખ થાય એ સ્વાભાવિક છે. મનગમતાનો વિયોગ કોને પીડાદાયક ન હોય ? એની સામે સંસારનો અને કર્મનો અટલ સિદ્ધાંત યાદ કરો. જે જન્મે છે, તે અવશ્ય મરે જ છે. જન્મની પાછળ મોત; આપણા પડછાયાની જેમ પીછો કરે છે. જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ અવશ્ય હોય જ છે. દિવસની પાછળ રાત અને તડકાની પાછળ છાયાની જેમ જન્મ અને મૃત્યુનો સંબંધ છે.

આ જ સ્થિતિ હોય તો... આપણું કર્તવ્ય શું ?

જ્ઞાનીઓનો જવાબ એ છે કે - મૃત્યુ આવતાં પહેલાં જ તૈયારી કરી લેવી. મતલબ, બહારગામ જવાનું હોય ત્યારે ત્યાં લઈ જવાની સામગ્રી જે રીતે તૈયાર કરી લઈએ છીએ. કોઈ ચીજ રહી ન જાય તેની કાળજી રાખીએ છીએ, તે જ રીતે પરલોકમાં લઈ જવાની સામગ્રી તૈયાર કરી દેવી. આવી તૈયારીવાળાને ક્યારેય ચિંતા - ઉચાટ ન હોય.. હાય... વોય ન હોય.. ડર ન હોય...



કહેવાનો ગર્ભિત આશય એ છે કે આપણી સ્થિતિ - માનસિકતા એવી બની ગઈ હોય કે - જીવવાની આકાંક્ષા નહીં, મરવાનો ભય ન હોય, મરણથી ડરીને ભાગવાનું નહીં ને જીવના માટે વલખાં મારવાનાં નહીં.

સ્વર્ગતની પાછળ કર્તવ્ય શું ? જવાબઃ એ પુણ્યાત્મા જ્યાં હોય ત્યાં સુખ - શાંતિ - સમાધિ પ્રાપ્ત કરે... પ્રભુનું શાસન પામે.. શીઘ્ર મોક્ષમાં જાય; એવી ભાવના ભાવવી. ગયેલી વ્યક્તિ ક્યારેય પાછી આવતી નથી. તેથી તેની પાછળ ક્યારેય શોક ન કરવો. શોક કરવાથી તો ગયેલી વ્યક્તિ અને હયાત વ્યક્તિઃ બંનેને નુકશાન થાય છે. બંને પક્ષે અહિત થાય છે. સંસાર પ્રત્યે - સંબંધો પ્રત્યે કર્તવ્ય સિવાય ઉદાસીન ભાવ કેળવવાનો છે. વૈરાગ્યનો ભાવ ઉજાગર કરવાનો છે.

પરિવારજનોએ એક - બીજાને સાંત્વન આપવું. હૂંફ આપવી. નિરાધાર બનેલાને આધાર આપવો, આશ્રય આપવો. પરિવારના સભ્યોને એકલવાયું ન લાગે એ માટે તથા દુર્ધ્યાન ન થાય એ માટે યોગ્ય વ્યવસ્થા કરવી. અવાર-નવાર તેમને મળવું... જરૂરિયાત પૂછવી, પૂરી કરવી...

આપણે પણ એક દિવસ (ગમે ત્યારે) જવાનું છે. માટે તેની તૈયારીમાં લાગી જવું... એવું પુણ્ય બાંધી લેવું કે - જેનાથી પરલોકમાં જવા સમયે માનસિક ચિંતાનો વિષય ન બને.

પરિવારમાં બધાને ધર્મલાભ જણાવશો, આરાધનામાં ઉજમાળ રહેશે.

**દ. આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ....**

**(૪)** ૨૦૭૭, ચૈ. વ.૫ બેંગ્લોર, બસવેશ્વરનગર,

**આચાર્ય વિજય ભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગિણી સુશ્રાવિકા શાંતાબેન, વિનીત સુપુત્રો મિતેનભાઈ, મોનલભાઈ આદિ સપરિવાર યોગ્ય ધર્મલાભ.

માનવીના ઘમંડને ઉતારનારી, ધર્મ તરફ વળવાનો ઈશારો કરનારી મહામારી અવાર-નવાર કોરોના - પ્લેગ - સ્પેનિશ ફ્લુ વગેરેના નામે આવતી હોય છે. તે સમયે હજારો - લાખો જીવો એનો ભોગ બનીને કાળના મુખમાં ધકેલાઈ જતા સંભળાય છે, જોવા મળે છે. વર્તમાનમાં એવા જ સમાચાર વાંચવા - સાંભળવા મળે છે.

આવા અતિગંભીર - કપરા સમયમાં ધર્મ જ આપણા માટે મોટો સહારો છે, જે આ લોક અને પરલોકઃ બંનેને સુધારવાની ક્ષમતા ધરાવે છે. કદાચ એ ધર્મ આયુષ્યને ન વધારી શકે અને મોતથી ન બચાવે તોય મોતને સમાધિમય બનાવી, સુધારી તો શકે જ છે.

તમારા ઘરના છત્ર ગણી શકાય તેવા જયંતીભાઈ પણ આ જ કોરોના - મહામારીના ભોગ બની પરલોકની વાટે સિધાવી ગયા ! જન્મ પછી અવશ્ય આવનારું મરણ તેમને ઉપાડી ગયું. આશ્વાસન દાયક ઘટના એ છે કે - જેમ જેમ મોત નજીક આવતું ગયું... તેમ તેમ તેઓ ટી.વી. વગેરેને છોડી ધર્મ માર્ગે વળતા ગયા. છેલ્લે દિવસે (હોસ્પિટલ જતાં પહેલાં) પુણ્ય-પ્રકાશનું સ્તવન, મોટી શાંતિ વગેરે સવારે-સવારે કરી આત્મામાં પુણ્યનું બાતું બાંધતા ગયા. વળી, અંતિમ સમયની સ્થિતિની વાત સાંભળતાં એમ લાગે છે કે - આંખમાંથી જીવ ગયો. સદ્ગતિની એ નિશાની ગણાય.

જેને અટકાવી ન જ શકાય પરંતુ સુધારી જરૂર શકાય એવા મૃત્યુને તે પુણ્યાત્મા સુધારી ગયા - એ આપણા માટે આનંદનો વિષય છે. બાકી મોત કોઈને પ્રિય તો ન જ હોય..

આવી ઘટનાઓથી આપણે સત્પ્રેરણા લેવાની છે. આપણે પણ એક દિવસ જવાનું જ છે. તેની આગોતરી તૈયારી કરીને નિશ્ચિત થવાનું છે. ગયેલી વ્યક્તિ પાછળ શોક કરીને નવું શોક મોહનીય કર્મ ન બાંધવું. તેના બદલે વિશેષ ધર્મમાર્ગે આગળ વધવું; એમ જ્ઞાની ભગવંતો જણાવે છે.

માંગવા જેવી ચીજ જીવન નથી, ભૌતિક સુખ - સંપત્તિ નથી, માત્ર સમાધિ માંગવા જેવી છે. જીવતાં અને મરતાં.. બધે જ સમાધિની જરૂર હોય છે. કારણ, સંસારમાં ડગલે ને પગલે અસમાધિનાં નિમિત્તોની હારમાળા ઊભી થયા જ કરે છે. રાગ - દ્વેષાદિ કષાયો, વિષયો, સંજ્ઞાઓ વગેરે તમામ અસમાધિ તરફ ખેંચી જનારાં સાધનો છે. ભગવાને તેની વચ્ચે સમાધિ માટે વિશિષ્ટ ભાવનાઓ વગેરે અનેક સાધનો તૈયાર કરી આપ્યાં છે. તેનો ઉપયોગ કરી, સમાધિને આત્મસાત્ કરી જીવનને ઊર્ધ્વગામી બનાવીએ. પરલોકને ઉજ્વળ બનાવી, મુક્તિને નજીક લાવી દઈએ; એ જ શુભેચ્છા

**દ. આ. વિ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ....**

ધ




श्री शंखेश्वर पार्श्वनाथाय नमो नमः

आ.भ.विजयप्रेम-रामचन्द्र-महोदय-मित्रानंद-पुण्यपाल-हेमभूषणसूरिभ्यो नमः

**बेंगलूरुनगर समीपस्थ, सुराणा नगर - श्री पार्श्व सुशील धाम मध्ये श्री पंचमंगल महाश्रुतस्कंधादि सूत्रों की अनुज्ञा स्वरुप**

## उपधान तप की आराधना हेतु

## भावभरा स्नेहिल आमन्त्रण

| प्रथम मुहूर्त : | द्वितीय मुहूर्त | मालारोपण |
|---|---|---|
| वि.सं. 2077 | वि.सं. 2077 | वि.सं. 2078 |
| आसोज सुद 10 | आसोज सुद 12 | मार्गशीर्ष कृ. 13 (गुजराती का.कृ.13) |
| दि.15-10-2021 शुक्रवार | दि.17-10-2021 रविवार | दि.02-12-2021 गुरुवार |

निश्रा : धर्मतीर्थ प्रभावक 'सूरिमित्रानंद' के पट्टधर आगम-शिल्प-विधिविधान विशारद, विशद व्याख्यानकार पूज्यपाद

**आचार्यदेव श्रीमद् विजय भव्यदर्शनसूरीश्वरजी महाराजा आदि ठाणा-३**

एवं कविकुलकिरीट 'सूरिलब्धि' समुदाय के पू.सा. सुव्रताश्रीजी म. के शिष्या - प्रशिष्या

**पू.साध्वी श्री भद्रिकाश्रीजी. म. आदि ठाणा - ४**

**शुभ स्थल**

**श्री पार्श्व सुशील धाम**

सर्वे नं.२६/२, सुराणा नगर,
अत्तिबेले, पोस्त : नेरलूर, होसूर रोड,
बेंगलूरू - ५६२ १०७ (कर्नाटक)

**रागी से वीतरागी बनने का प्रथम पायदान**

**संपर्क**

सज्जनराज : 9890349485
हितेश : 9429022022
गौतम : 97427 97835
दीपकभाई गुरुजी : 9886757920
राहुल : 9844213723
अमित : 8884780758

**फॉर्म भरकर वापस : दि.01-10-2021 तक पहुँचायें ।**

**आयोजक एवं निमंत्रक**

**श्रीमती प्यारीबाई चुन्नीलालजी सुराणा परिवार, बालराई**

श्रीमती भवरीबाई घेवरचंदजी, जयंतीलालजी - विमलादेवी, दिलीपजी-अर्चना, आनंदजी - मोनिका, नितेशजी - जानवी आदि सुराणा परिवार, बेंगलूरु

## આયુષ્યની હાનિ થાય છે...

**न तैले न जले नास्त्रे, न मूत्रे रुधिरे न च ।**

**वीक्षते वदनं विद्वानि-त्थमायुस्तु हीयते ।।**

વિદ્વાન - જાણકાર - ડાહ્યા માણસે ક્યારેય તેલમાં, પાણીમાં, હથિયારમાં, મૂત્રમાં અને લોહીમાં પોતાનું મુખ (પ્રતિબિંબ) ન જોવું. તેમ કરવાથી આયુષ્યની હાનિ થાય છે.